# આવતીકાલે મહાત્મા મંદિરે નેશનલ કોન્ફરન્સ ઓન સ્કીલ ડેવલપમેન્ટ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી તા.૨૫મી સપ્ટેમ્બરને બુધવારે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં નેશનલ કોન્ફરન્સ ઓન સ્કીલ ડેવલપમેન્ટ (કૌશલ્ય વિકાસની રાષ્ટ્રીય પરિષદ)નું ઉદઘાટન કરશે. એકાત્મ માનવવાદના પ્રણેતા પંડિત દિનદયાલ ઉપાધ્યાયના જન્મ દિવસે વિશ્વના સૌથી યુવાશક્તિ ધરાવતા ભારતમાં કુશળ માનવ બળને વિશ્વમાં સશક્ત કરવા માટે સ્કીલ ડેવલોપમેન્ટ નિર્ણાયક પરિબળ છે એમ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી માને છે અને ગુજરાતે એ રીતે સ્કીલ ડેવલપમેન્ટના સેકટરમાં દેશભરમાં આગેવાની લીધી છે તે ધ્યાનમાં રાખીને પહેલીવાર મુખ્ય મંત્રીશ્રીની પ્રેરણાથી સ્કીલ ડેવલપમેન્ટની આ રાષ્ટ્રીય પરિષદ ગાંધીનગરમાં યોજાઇ રહી છે.

રાજ્ય સરકારના પ્રવક્તા અને શ્રમ-રોજગાર મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે કૌશલ્ય વિકાસની આ રાષ્ટ્રીય પરિષદને દેશના ખૂણે-ખૂણેથી મળી રહેલા અભૂતપૂર્વ પ્રતિસાદની વિગતો આપતાં જણાવ્યું કે, દેશના ૨૮ રાજ્યો અને ૪ કેન્દ્ર શાસિત પ્રદેશોના મળીને કુલ ૫૩૧ જિલ્લાઓમાંથી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, સ્વનિર્ભર તાલીમ સંસ્થાઓ, ઉદ્યોગગૃહોના પ્રતિનિધિઓ અને દેશ-વિદેશના સ્કીલ ડેવલપમેન્ટના નિષ્ણાતો આ પરિષદમાં ભાગ લેવાના છે.

શ્રી સૌરભભાઇ પટેલે આ રાષ્ટ્રીય પરિષદના ઉદ્દેશની ભૂમિકા આપતાં જણાવ્યું કે, મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજ્યના યુવાનો માટે હુન્નર કૌશલ્ય વિકાસ અને સંવર્ધન માટેની જે આગવી પહેલ કરી છે તથા રાજ્યમાં આર્થિક અને ઔદ્યોગિક વિકાસના નીતનવા વાયબ્રન્ટ સેક્ટર વિકસી રહ્યા છે તેની પ્રાથમિક જરૂરિયાત સ્કીલ્ડ મેન પાવર છે. ગુજરાત દેશમાં યુવાનોને સૌથી વધુ રોજગારી આપનારા રાજ્ય તરીકેનું ગૌરવ ધરાવે છે અને ગુજરાતના કૌશલ્યવર્ધન કેન્દ્રો સ્વરૂપે સ્કીલ ડેવલપમેન્ટ મોડેલને વડાપ્રધાનશ્રીનો શ્રેષ્ઠ રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયેલો છે એટલું જ નહિ, ભારત સરકારે ગુજરાત સરકારના સ્કીલ ડેવલપમેન્ટ મોડલને ઉત્તમ મોડલ ગણાવીને અન્ય રાજ્યોને પણ આ મોડલને અનુસરવા પ્રેરિત કર્યા છે. આ સંદર્ભમાં ગુજરાતમાં યોજાઇ રહેલી સ્કીલ ડેવલપમેન્ટની આ રાષ્ટ્રીય પરિષદ સમગ્ર ભારતના યુવાનોને કૌશલ્ય વિકાસ દ્વારા ઉજ્જવળ ભવિષ્યની નવી ક્ષિતિજો માટે પથદર્શક બનશે એમ શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું.

## વડીલોને વંદન અભિનંદન



ગોમતીબેન કે. પરમાર
(૧૯૫૦) ૨૩૨-૪૦૭૪૦

## ખેડબ્રહ્મા મામલતદારે ગેરકાયદેસર રેતીનું ખનન કરતા બે ટ્રેકટર ઝડપી પાડ્યા

ખેડબ્રહ્માના ઉચીધનાલ ગામની સીમમાંથી રવિવારે બપોરના સમયે રેતીનું ખનન કરતા બે ટ્રેકટરને ખેડબ્રહ્મા મામલતદારે ઝડપી પાડ્યા હતા.

ખેડબ્રહ્મા મામલતદાર કચેરી દ્વારા એક ટીમ બનાવી આજે બપોરના સમયે ઉચીધનાલ ગામની સીમમાં સાબરમતી નદીના પટમાં અચાનક જ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતુ. જેમાં ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરતા બે ટ્રેક્ટર નં. જીજે-૯-એએફ-૮૮૮૨ અને જીજે-૯-એએફ-૭૩૧૪ને ટીમે ઝડપી પાડ્યા હતા અને પુછપરછ કરતા તપાસમાં કોઈ સાચી હકિકત માલુમ ન પડતા મામલતદાર એચ.એન. મોદીએ બન્ને ટ્રેક્ટરને જપ્ત કરી લીધી હતી અને રૂ. ૨૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો જેથી ખનન ચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો.



(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

## પૂનમના પવિત્ર દિવસે રામદેવપીરનો પાઠ

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે ભાદરવી પૂનમના પવિત્ર દિવસે પ્રજાપતિ પરિવાર દ્વારા ભગવાન રામદેવ પીરનો પાઠ-પૂજન-ભજન-કિર્તન તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અગાઉના દિવસે રામદેવજીનો વરઘોડો, ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી અને પાઠના દિવસે સમગ્ર ભક્તજનો દ્વારા રામાપીરની ઝળહળતી જ્યોતનું આયોજન કરાયું. વ્યસનમુક્તિ, એકતા અને અખંડિતતા દર્શાવતા આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન થયું. જેમાં વિશાળ સંખ્યામાં ભક્ત સમુદાયે ભાગ લીધેલ.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આજે પાલનપુર ખાતે યોજાયેલ પશુપાલન શિબિરમાં બનાસ ડેરીના ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળે જણાવ્યું હતું કે, દરેક પશુપાલકો, ખેડૂતો પોતાના ખેતરમાં જ સજીવ ખેતી દ્વારા શાકભાજી અને ધાન્ય પાકોનું વાવેતર કરે અને પોતે આરોગે જે આવનારી પેઢી માટે ખુબજ ઉપયોગી સાબિત થશે, તેમજ દરેક પશુપાલકોને કાંકરેજ ઓલાદની દેશી ગાયો પાળવા જમાવેલ, એક દેશી ગાયના છાણ અને ગૌમુત્ર દ્વારા ૨૦ વિઘા જમીનમાં સજીવ ખેતી કરી શકાય છે. વધુમાં ભારપૂર્વક જણાવેલ કે આવનારા નજીકના સમયમાં ખેડૂત જ જગતનો તાત સાબિત થશે. છેલ્લે દરેક પશુપાલકો વધુ સુખી, સમૃદ્ધ અને નિરોગી રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી ત્યારે ઉપસ્થિત તમામ પશુપાલક ભાઈ-બહેનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

# ઊંઝાની ખાનગી હોસ્પિટલમાંથી વૃધ્ધાને છેતરી ગઠીયો ૫૦ હજારની કિંમતની સોનાની બંગડી લઈ છૂમંતર

ઊંઝા, તા. ૨૩

ઊંઝા શહેરમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ નજીકના ગામની વૃદ્ધાને ભેટી ગયેલ કોઈ ગઠિયાએ બેંકમાંથી લોન અપાવવાના બહાને વૃધ્ધાને છેતરીને ૫૦ હજારની કિંમતની મત્તાની સોનાની બે બંગડીઓ લઈ ક્યાંક છૂમંતર થઈ ગયો હોવાનો બનાવ બનેલ છે.

ઊંઝા નજીકના ઐઠોર લક્ષ્મીપુરા ગામના વૃધ્ધા મણીબેન માધવલાલ પટેલ સવારના સમયે ઊંઝા ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે આવ્યા હતા. બાદ તેઓ પરત ઘેર જવા નીકળ્યા હતા ત્યારે હોસ્પિટલ પાસે આ વૃધ્ધાને કોઈ ગઠિયો ભેટી ગયો હતો. ગઠિયાએ વૃધ્ધાને સોનાની બંગડીઓ પર દેના બેંકમાંથી લોન અપાવવાની વાત કરી હતી. જેથી વૃધ્ધા આ ગઠિયાના વાતમાં ભોળવાઈ જઈને પોતાના હાથે પહેરેલ સોનાની બે બંગડીઓ ઉતારીને ગઠિયાને આપી દેતાં તે તુરત જ સોનાની બે બંગડીઓ લઈને ક્યાંક છૂમંતર થઈ ગયો હતો.

આ બનાવ અંગે વૃધ્ધાની ફરિયાદને આધારે ઊંઝા પોલીસે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ઠગાઈનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# છાપી પોલીસ મથકમાંથી નાશી છૂટેલો બળાત્કારનો આરોપી ઝડપાયો

પાલનપુર, તા. ૨૩

છાપી પોલીસ મથકમાંથી બે દિવસ અગાઉ બળાત્કારનો આરોપી પોલીસકર્મીને ધક્કો મારી છાપી પોલીસ મથકમાંથી નાસી છૂટ્યો હતો જે આરોપીને આજરોજ છાપી પોલીસે ઝડપી લીધો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગત ૨૫-૬-૨૦૧૩નો બળાત્કારનો આરોપી મફાભાઈ રાજાભાઈ રહે. કંબોઈ તા. કાંકરેજને ૨૦ સપ્ટેમ્બરના રોજ છાપી પોલીસે તેના વતનમાંથી ઝડપી પાડ્યો હતો. તે દરમિયાન ૨૧ સપ્ટેમ્બરના આ આરોપીની પુછપરછ ચાલતી હતી ત્યારે તે પોલીસ કર્મીઓને ધક્કો મારી છાપી પોલીસમથકમાંથી નાસી છૂટ્યો હતો.

આ બાબતે પોલીસકર્મી દલપતસિંહે આરોપી ફરાર થતા ફરિયાદ નોંધાવી હતી. જે બાબતે આજરોજ છાપી પી.એસ.આઈ. બી.યુ. બારડને બાતમી મળતા આરોપી મફાભાઈને કાકરેજ તાલુકાના બુકોલી ગામેથી ઝડપી પાડ્યો હતો.

## જીએમએફનો આક્ષેપ

# ફાર્મસી સ્નાતકોને રોજગારી આપવામાં કેન્દ્ર તથા રાજ્ય સરકાર બંને નિષ્ફળ

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત એન્જીનીયરીંગ મેન્યુફેકચરર્સ ફેડરેશનના પ્રમુખ મગનભાઈ પટેલે કેન્દ્ર તથા રાજ્ય સરકાર બંને પર આક્ષેપ કરતા જણાવ્યું છે કે ફાર્મસીમાં પ્રવેશ કરીને ડિગ્રી મેળવનાર સ્નાતકને બહાર નીકળ્યા પછી નોકરી નહી મળવા અંગે ફાર્મસીની ફેકલ્ટીની સીટોની સંખ્યામાં કરાયેલ આડેધડ વધારો જવાબદાર છે.

જીઈએમ એફની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર થોડાક વર્ષ પૂર્વે ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (પી.સી.આઈ.)એ એક કોલેજને ૬૦ સીટો અને કેટલાક સંજોગોમાં ૧૦૦ સીટો ફાળવેલ હતી. તેને બદલે ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ટેકનીકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ)એ પોતાની વગના ઉપયોગ કરીને ૧૮૦ સીટો ફાળવી. આમ બંને કેન્દ્ર સરકારની એજન્સી હોવા છતાં આડેધડ સીટોમાં વધારો કરેલ છે. નવાઈની વાત તો એ છે કે તાજેતરમાં કુલ ૩૬૦૦ સીટોમાંથી વધારીને ૭૦૦૦ સીટો કરી દેવામાં આવી છે. આથી ફાર્મસીમાં દસ લાખ રૂપિયાનો ખર્ચો કરી ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીને દસ હજાર રૂપિયાના પગારની નોકરી મળવાના ફાંફા થઈ ગયા છે. તેમણે રાજ્ય સરકારને પણ ટકોર કરતા જણાવ્યું છે કે દવાના ઉદ્યોગો તથા ફાર્મસી ક્ષેત્રે બહાર પડાતા ટેકનીશીયનોને થાળે પાડવા હોય તો પહેલા ‘એમએસએમઈ સેક્ટર’ને સારા ઈન્સેટીવ આપી આંતરરાષ્ટ્રિય બજારમાં હરિફાઈપૂર્વક દવાઓ વેચી શકે તેવા સક્ષમ બનાવવા જોઈએ. તે માટે અવેરનેસ પ્રોગ્રામો તેમજ નાંણાકીય સંસ્થાઓ સાથે સેમિનારો કરવા જોઈએ.

વધુમાં તેમણે ફકત સર્ટિફિકેટ લગાવી ડિગ્રી હોલ્ડરની હાજરી વગર દુકાન ચલાવતા કેમિસ્ટો પર કમ્પલસરી મોનીટરીંગ કરવાની ભલામણ કરી છે. ડિગ્રી હોલ્ડરના બદલે ધોરણ ૮ કે ૧૦ ભણેલા સામાન્ય માણસો દ્વારા દવાના સ્ટોર્સ ચલાવવાના કારણે ઘણી વખત દવાની પ્રિ-સ્ક્રીપ્શન વાંચવામાં ગંભીર ભૂલો થાય છે અને લોકોના આરોગ્ય સાથે ચેંડા થાય છે. મેડિકલ પ્રતિનિધિ તરીકે ફાર્મસી ટેકનીકલ કવોલીફાઈડ વ્યક્તિઓ જ હોવા જોઈએ. તેમજ સ્ટોર્સના ટર્ન ઓવર મુજબ તેમનું મહેનતાણું નક્કી કરાવું જોઈએ તેવી તેમણે માંગણી કરેલ છે.



પાલનપુરમાં ઘરફોડી ચોરીનો પર્દાફાશ કરવા પાલનપુર પોલીસ દ્વારા અલગ - અલગ શહેરોમાં મળી કુલ ૩૮ ઘરફોડ ચોરીઓના આરોપી ભારતસિંહ ભવરસિંહ મોહનીયાની ધરપકડ કરતાં આંતર રાજ્ય ઘરફોડ ચોરી કરતી ટોળકીનો પર્દાફાશ બનાસકાંઠા એલ.સી.બી.એ. કર્યો છે. આ ઘરફોડીયાની ધરપકડ કરતાં પાલનપુર પોલીસે રાહતનો દમ લીધો છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## શબ્દાવલી - ૫૧૮૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | | | ■ | |
| | ■ | ૮ | | | ■ | ૯ | |
| ■ | ૧૦ | | | | ■ | ૧૧ | |
| ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ |
| ૧૫ | ૧૬ | ■ | ■ | ૧૭ | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | | ■ |
| ૨૨ | | | ■ | ૨૩ | | ■ | ૨૪ |

### આડી ચાવી

૧. પરિણામ (૩)
૩. ઈચ્છા, આકાંક્ષા (૪)
૬. બાણ, શર (૨)
૭. એક પક્ષી (૩)
૮. તુચ્છ, શુદ્ર (૩)
૯. દૂધનો માવો (હિન્દીમાં) (૨)
૧૦. ‘ચોખવટ’ શબ્દ આડો અવળો (૪)
૧૧. બીક, ભય (૨)
૧૩. કાંઠો, દરિયાને... એક રેતી ઓટલી.. (૨)
૧૪. કાચા ભાત (૨)
૧૫. દૂધ, મિલ્ક (૨)
૧૮. પરીક્ષા, કસોટી (૨)
૧૯. આંખની પુતળી (૨)
૨૦. પરિચય (૪)
૨૨. વિમાનની દોડપટ્ટી (૩)
૨૩. એક છોડ અને તેના રેસા (૨)
૨૪. જનની (૧)

### ઊભી ચાવી

૧. અંતનું, છેલ્લું (૩)
૨. જુવાર (૨)
૩. અભ્રક (૪)
૪. બરોબર જામેલું, ભરપુર (૨)
૫. આઇ શ્રી મા..., ચારણ કુળની દેવી (૪)
૭. કામ કરવાની દાનત ના હોય તેવું (૪)
૮. રસીદ (૩)
૯. શારીરિક ખોડ (૫)
૧૨. છીંકણી (૪)
૧૬. વિશ્વાસ, શ્રદ્ધા (૩)
૧૭. લોટ આકારનું પાત્ર (૩)
૨૧. કોલસા-ખનિજ વગેરેની... હોય છે (૨)

### શબ્દાવલી ૫૧૮૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) મજહબ (૪) ધગશ (૬) જુજ (૭) ડાફેરા (૯) વાઈસર (૧૨) અસવાર (૧૪) વસૂલ (૧૫) સલમ (૧૬) તોખાર (૧૭) કુખ (૧૯) રવાના (૨૧) ક્ષીણ (૨૨) રત

**ઊભી ચાવી :-** (૧) મજુર (૨) જજ (૩) બડાઈખોર (૪) ધરાર (૫) શપથ (૮) ફેસ (૧૦) હાંસલ (૧૧) કસુરવાર (૧૨) અચરજ (૧૩) વામકુક્ષી (૧૪) વખાર (૧૮) ખણ (૨૦) નાત

# ગ્રીન કેમેસ્ટ્રી પરના દ્વિ-દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનો પ્રારંભ

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન અને ઈન્સ્ટિટયુટ ઓફ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, જીએફએસયુનાં સંયુકત ઉપક્રમે આયોજિત ગ્રીન કેમેસ્ટ્રી પરનાં દ્વિ-દિવસીય રષ્ટ્રીય પરિસંવાદનો આજથી પ્રારંભ થયો હતો. બે દિવસ દરમિયાન યોજાનાર આ પરિસંવાદમાં ગ્રીન કેમેસ્ટ્રી પર ૧૦ સંશોધન પેપરો રજૂ કરવામાં આવશે.

વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એચ.કે. દાસે જણાવ્યું કે પ્રકૃતિના દોહનને પરિણામે ઉદભવતી નકારાત્મક અસરોને ઘટાડવામાં ચિંતન ખૂબ જ જરુરી છે. નકારાત્મક અસરોને ઘટાડવાં કલીન અને ગ્રીન ડેવલપમેન્ટ જરુરી છે આ પરિસંવાદ આ અંગેનું જ્ઞાન સમાજમાં ઉભું કરવા જરુરી પ્રેરક બળ પુરું પાડશે.

આપણે જે પણ કરીએ છીએ તે વિજ્ઞાન છે. આથી તેની અસરોથી આપણે બચી શકીએ નહીં. આજે નોલેજ આધારિત સમાજ બની રહ્યો છે. આધુનિક ટેકનોલોજી સમાજમાં ઝડપથી આવી રહી છે તે સાથે સાથે વિજ્ઞાન અને ટેકનોલોજીની નકારાત્મક અસરોને ઘટાડવાં અંગેની માહિતી અને જ્ઞાન વ્યાપકપણે વિતરિત કરી સમાજમાં તે ફેલાવવી જરુરી છે.

## કંપની સમાચાર

### મોરેલો યામાસાકી દ્વારા તમામ ઈલેક્ટ્રીક ટુ-વ્હીલર્સ ઓનર્સ માટે ફ્રી સર્વિસ કેમ્પ અને ઍક્સચૅન્જ મેલાના મેગા કેમ્પેઈનની બીજી એડિશન

ઈલેકટ્રીક ટુ વ્હીલર્સ માટે ભારત અને જાપાન વચ્ચે એકમાત્ર જોડાણ એવી ગુજરાત સ્થિત મોરેલો યામાસાકીએ શનિવારે તમામ ઈલેકટ્રોનિક ટુ-વ્હીલર્સ ધારકો માટે સર્વિસ કેમ્પ અને એકસચેન્જ મેલાની જાહેરાત કરી છે. આ કેમ્પેઈન આ પ્રકારે કસ્ટમર સર્વિસ પ્રોગ્રામ્સના સતત આયોજન દ્વારા ગ્રાહકોનો વિશ્વાસ સ્થાપીને ઈલેકટ્રીક વાહન ઉદ્યોગને આગળ ધપાવવાની મોરેલો યામાસાકીની વચનબદ્ધતા દર્શાવે છે. કેમ્પેઈન લૉન્ચ કરવાની જાહેરાત કરતા મોરેલો યામાસાકીના સીઈઓ રજિત આર્યએ કહ્યું કે, ફેબ્રુઆરી-૨૦૧૩માં લોન્ચ કર્યા પછી અમે દર છ મહિને આ કેમ્પેઈન યોજવાનું વચન આપ્યું હતું. આ વચન મુજબ અમને ગુજરાતભરમાં શ્રેણીબદ્ધ કેમ્પનું આયોજન કરી રહ્યા છીએ. આ કેમ્પેઈન અંગે વિગત આપતા આર્યએ કહ્યું કે અમારી પ્રથમ એડિશનમાં ૧૨૦થી વધુ ઈલેકટ્રીક ટુ વ્હીલરધારકોએ ભાગ લીધો હતો અને તેને સફળ બનાવી હતી. તેને કારણે અમે આ બીજી એડિશન અંગે વધુ રોમાંચિત છીએ. અમે અલગ- અલગ બ્રાન્ડના ઈલેકટ્રીક વાહનધારકોનો મોટી સંખ્યામાં વિશ્વાસ જીતી શકયા છીએ. સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન સમગ્ર ગુજરાત રાજયમાં આ કૅમ્પેઈન યોજવામાં આવશે. આ સાથે જ અમે ૨૦૧૪ સુધીમાં ગુજરાતમાં ઈ-બાઈક સેગમેન્ટમાં માર્કેટ લીડર બનવા તરફની અમારી યાત્રા શરૂ કરી દીધી છે.

## સુરત જળબંબાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહી છે. અંકલેશ્વરમાં છ ગામમાં એલર્ટની જાહેરાત કરાઈ છે જ્યારે ભરૂચ શહેરમાં પણ એલર્ટની જાહેરાત કરાઈ છે. નર્મદા નદીમાં જળ સપાટી સતત ચિંતાજનકરીતે વધી રહી છે. ભરૂચ અને સુરતના કલેકટરોએ માહિતી આપતા કહ્યુ છે કે પરિસ્થિતિને હળવી કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ફાયર બ્રિગેડની ટુકડીને સાવધાન રાખવામાં આવી છે. નિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત જગ્યાએ ખસી જવા સૂચના આપવામાં આવી છે. શહેરમાં પૂરના સંકટ વચ્ચે ભારે અરાજકતા ફેલાઈ ગઈ છે. સુરત, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર સહિતના તમામ ભાગોમાં જટિલ સ્થિતિ સર્જાઈ ગઈ છે અને અંધાધૂંધી જોવા મળી ગઈ છે. સૂરત જિલ્લાના ઉમરપાડામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. દરમિયાન મુખ્ય સચિવ ડો. વરેશ સિંહાના અધ્યક્ષસ્થાને દક્ષિણ ગુજરાતમાં તેમજ ઉકાઈ ડેમના ઉપરવાસમાં થયેલા ભારે વરસાદ અને પુરની પરિસ્થિતિના સંદર્ભે આગોતરા આયોજન તેમજ સમીક્ષા અર્થે આજે ગાંધીનગર ખાતે સ્ટેટ ક્રાઈસીસ ગ્રુપની તાકીદની બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાહત કમિશનર અને અગ્ર સચિવ (મહેસુલ) પૂનમચંદ પરમાર તથા જીએસડીએમએ, મહેસુલ, શહેરી વિકાસ, આરોગ્ય, માર્ગ-મકાન, સિંચાઈ, કૃષિ, અન્ન અને નાગરિક પુરવઠો, માહિતી વગેરે વિભાગોના સચિવ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય સચિવએ રાજ્યના દક્ષિણ ગુજરાતના કેટલાક તાલુકાઓમાં ૧૦૦ મીમી કરતાં વધારે વરસાદ પડતાં ઉભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા માટે વિવિધ વિભાગોને સુસજ્જ અને સુદઢ ભૂમિકા ભજવવા તેમજ તાબા હેઠળના વહીવટી તંત્રને સાબુદ કરવા જરૂરી સૂચનાઓ આપી હતી. મુખ્ય સચિવ સિંચાઈ વિભાગને ઉકાઈ ડેમની સપાટી, ઈન-ફલો અને આઉટ ફલો બાબતે સતત તકેદારી રાખવા તેમજ સુરત શહેરમાં ઉભી થનાર પરિસ્થિતિને પહોંચી વળવા ડી વોટરીંગ પંપ જેવી જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવા સૂચનાઓ આપી હતી.

## જાડેજાની પુછપરછ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી હતી. એમ માનવામાં આવે છે કે આ પેન ડ્રાઈવમાં મોદી સરકારના કેટલાક પ્રધાનો અને અધિકારીઓની વાતચીત નોંધવામાં આવી છે. સિંઘલે સીબીઆઈને પેન ડ્રાઈવ આપીને કહ્યું હતું કે ૧૯મી નવેમ્બર ૨૦૧૧ના દિવસે એક બેઠક રાજ્યના અધિકારી કમલ ત્રિવેદીના ચેમ્બરમાં થઈ હતી જેમાં ત્રિવેદી ઉપરાંત તત્કાલીન ગૃહરાજ્ય પ્રધાન પ્રફુલ્લ પટેલ, તત્કાલીન કાયદા પ્રધાન પ્રદીપસિંહ જાડેજા, પૂર્વ પ્રધાન ભૂપેન્દ્રસિંહ અને કાયદો અને વ્યવસ્થા સચિવ જી સી મુરમુ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ગાંધીનગરના તત્કાલિન રેન્જ આઈજી એ કે શર્મા, સિંઘલના વકીલ મિત્ર રોહિત વર્મા અને ડેપ્યુટી એસપી તરુણ બારોટ પણ હાજર રહ્યા હતા. આ બેઠકમાં સિંઘલ પોતે પણ ઉપસ્થિત રહ્યા હતા અને સિંઘલે ગુપ્ત રીતે આ રેકોર્ડીંગ કર્યું હતું. ઈશરત કેસના સંબંધમાં ઘણા અધિકારીઓ પહેલાંથી જ જેલમાં છે.

## ધોધમાર વરસાદ... અનુસંધાન પહેલાનું ચાલુ

વાદળો છવાયા હતા તેટલા વાદળો વરસ્યા ન હતા. અને એકાદ કલાક પછી વરસાદ ધીમો પડી સાવ બંધ પડી ગયો હતો. સાંજે પુનઃ ઝાપટુ પડ્યું હતું. વરસાદી માહોલના કારણે તાપમાનમાં ખુબ ઘટાડો નોંધાયો છે. મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડીગ્રી રહ્યું હતું. જ્યારે વરસાદ ૫૪ મી.મી. નોંધાયો હતો. આ લખાય છે ત્યારે ધીમીધારનો વરસાદ પુનઃ શરૂ થઈ ચુક્યો છે.

## પ્રજાજનો ત્રાહિમામ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તો અધિકારીઓના મોબાઈલ પણ સ્વીચઓફ થઈ જતા હોવાની હકીકતોને લઈ લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જિલ્લામાં ૧૦૦ ટકા જેટલો મોસમનો વરસાદ થયો છે પણ વીજમાંગમાં હજુ જોઈએ તેટલો ઘટાડો નોંધાયો નથી અને પંખા હજુ ઓફ થયા નથી ત્યારે વીજળી ગ્રામ્ય વિસ્તારમાં વારંવાર વેરણ થઈ જતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

એક તરફ ગાંધીનગર નોલેજ કોરીડોર બનવા જઈ રહ્યું છે ત્યારે શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસ પામેલા વિસ્તારોના રહીશો પણ વીજળી ખોરવાતાં ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રસ્તાઓ અજાણ્યા હોવાથી લોકો ઘરમાં બેસી રહેવાનું વધારે પસંદ કરે છે તેમજ વરસાદી પાણીના નિકાલની પણ યોગ્ય વ્યવસ્થાના અભાવે પણ લોકો તોબા પોકારી ઉઠ્યા છે.

ગ્રામ્ય વિસ્તારની આસપાસ વિકસેલ વસાહતોમાં લિફ્ટો પણ વિજળીના અભાવે ખોરવાઈ જતી હોવાની અને તેમાં વસાહતીઓ ફસાઈ જવાની ઘટનાઓ પણ વારંવાર બની રહી છે.

## પાછોતરો વરસાદ પડશે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. અને આ વરસાદ હજુ પણ ત્રણથી વધુ ઈંચ વરસી શકે. વળી ઓક્ટોબર માસમાં મહત્તમ તાપમાનમાં વૃદ્ધિ થઈ શકે. દરિયા કિનારાના ભાગો સિવાય ઘણા ભાગોમાં મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રી સેલ્સીયસથી વધુ ઓક્ટોબર માસમાં જવાની ધારણા રાખી શકાય અને દરિયા કિનારે પવન ફુંકાવવાની ધાસ્તી પણ રહે.

ભૂ. ભૌગોલિક બળો, હવાના દબાણો, પવનની દિશા અને ગ્રહ નક્ષત્રથી જોતા સપ્ટેમ્બર-૨૦૧૩માં હાલની તારીખ ૨૩માં ઘણા ભાગોમાં વરસાદ ગાજવીજ કે પવન સાથે પડે. જ્યારે પર્વતાકારનો મેઘ સપ્ટેમ્બર તા. ૨૬ થી ઓક્ટોબર તા. ૭ સુધીમાં હજુ પણ વરસી શકે. જ્યારે દેશના પશ્ચિમ ભાગો અને દક્ષિણ પૂર્વિય તટીય ભાગોમાં ભારે પવન ફુંકાવવાની વકી રહે અને હવાના દબાણો ઉભા થતા ગુજરાત-સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં ગાજવીજ સાથે હાથીયો વરસી હસ્ત વક્ષત્રનું વરસાદ પાણી સારૂ ગણાય છે. જેનો ભેજ સીયાળુ મોસમ માટે પણ લાભકર્તા રહેશે. હસ્ત નક્ષત્રનું પાણી જમીનમાં ઉતારી લેવામાં આવે તો ભેજ સંગ્રહ જતા શીયાળુ ખેતીમાં કામ લાગે છે, વળી હસ્તનક્ષત્ર ગરજીને વરસે તો આવતુ વર્ષ સારૂ ગણાય છે. વળી દરેક ઝેરી જીવાતોની જેવા કે માખ, મચ્છર વગેરેની દાઢ નજર પડે. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ભાદરવામાં પાણી પડતા ધાન્ય પાકોના ડુંડામાં બેઠેલા દાણા જો પાક નીધલ અવસ્થામાં હોય તો સારા બેસે છે અને ધાન્ય પાક પડી જાય તો ડુંડાના દાણા ઉગી નીકળવાથી ગુણવત્તા ઘટે.